	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૬/૦૩/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૮૧	૦	૧૦૯૫૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨	૪,૯૨,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯	૬૯,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા નરોડા પો.સ્ટે. વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે આકાશ ઉર્ફે ક્કન સ/ઓ મનોજસિંગ જાતે ચૌહાણ ઉ.વ.૨૪ રહે.મ.નં.સી/૫ કલ્પેશ એપાર્ટમેન્ટ, વિનોદભાઈ સોનીના મકાનમાં ભાડેથી, કલાપીનગર મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ. હરકાબાદ તા.સેજાનપુર જી. ઝલાલાબાદ ઉત્તરપ્રદેશ નાની વિરુધ્ધમાં નં.(૧) નરોડા પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૨૫૨/૨૦૨૧ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૪૮૮/૨૦૨૧ ધી પ્રોહી. એક્ટ કલમ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૪૫૭/૨૦૨૧ ધી પ્રોહી. એક્ટ કલમ-૬૫(ઇ), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૨૭/૨૦૨૨ તા.૦૫/૦૩/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૦૫/૦૩/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે મોકલી આપેલ છે. તા.૦૫/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૩૩ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૩૧/૨૦૨૨**

કાગડાપીઠઃ મુકેશ વેલાજી ઠાકોર (ઉ.વ.૩૮) (રહે. રામદેવનગર ટેક્સટાઇલના ખાંચામા મોની હોટલ પાસે ઇસનપુર) એ તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ગીતામંદીર ચાર રસ્તા સામે લાઠી બજાર વિભાગ-૧ ના પાર્કીંગ ખાતેથી આરોપી હુમાયુ ઉર્ફે ઇરફાન મોહંમદહનીફ પાનવાલા (રહે. મ્યુનિસિપલ ચાલી ન્યુ લેબર કવાર્ટસ કાચની મસ્જીદ પાસે જમાલપુર) તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ બોલેરો મેક્સી ટ્રક ગાડી માસીક રૂપિયા ૨૦,૦૦૦/- ભાડા પેટે ચુકવવાના નક્કી કરી ભાડા કરાર કરી ગાડીના ડીપોઝીટ પેટે રૂપિયા ૨૦,૦૦૦/- આપી બોલેરો મેક્સી ટ્રક ગાડી કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઈ જઈ આજ દીન સુધી ભાડુ નહી ચુકવી તેમજ ગાડી પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૪૩૨/૨૦૨૨**

રામોલઃ ઋત્વિક કનુભાઇ દશલાણી (રહે. હરીશચન્દ્રનગર જેબરબા સ્કુલની બાજુમાં સુમિનપાર્ક વસ્ત્રાલ) એ તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૨૦૨૨ સાંજના ૬/૩૦ થી તા.૦૫/૦૩/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની લોખંડની જાળીનુ તાળુ અને નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૩૩/૨૦૨૨**

આનંદનગરઃ સુભાષભાઇ શંકરલાલ દોષી (ઉ.વ.૬૦) (રહે. જીવનધામ એપાર્ટમેન્ટ બિમાનગર પાસે સેટેલાઇટ રોડ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૨ના સાંજના ૬/૦૦ થી તા.૦૫/૦૨/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પારેખ હોસ્પિટલના ચોથો માળ આઇસીયુ વોર્ડમાં દાખલ કરેલ સુભાષભાઇ દોષીના માતાના હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ કાઢી ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઇ અમથાભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ નયનકુમાર બાબુભાઈ દવે (ઉ.વ ૨૨) (રહે. નીલાદીપ રેસીડન્સી જી.ડી.સ્કુલ રોડ સેજપુર બોધા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન લાલ દરવાજાથી પોતાના ઘર સુધીના વિસ્તારમાં પોતાના એક્ટીવાની ડેકીનુ લોક તોડી એક્ટીવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૩૪/૨૦૨૨**

સાબરમતીઃ વિશ્વ ધનંજય પટેલ (ઉ.વ.૧૯) (રહે. કલ્પનાનગર સોસાયટી વલ્લભપાર્ક સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૩/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ પ્રવિણસિંહ ચલાવે છે.

નારોલઃ રણજીતસિંગ શિવાની ચૌધરી (ઉ.વ.૩૮) (રહે. સાંધાણી રેસીડન્સી નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૩/૨૦૨૨ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં છતમાં લોખંડના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.